## સંક્ષિપ્ત સમાચાર

### દાહોદની રેપ વિથ મર્ડરની ઘટના બાબતે ઉમરપાડામાં આવેદન પાઠવાયું



વિનોદ મૈસુરીયા

વાંકલ: દાહોદ જિલ્લામાં 6 વર્ષની બાળકી સાથે થયેલા રેપ વિથ મર્ડરની ઘટનાના પડઘા સુરતમાં પડ્યા હતા. ઉમરપાડા નવનિર્માણ યુવક સંગઠને સોમવારે રાજ્યપાલને સંબોધી એક આવેદનપત્ર આપ્યું હતું, જેમાં આ કૃત્યમાં આરોપી ગોવિંદ નટને ફાંસીની સજા થાય તેવી માંગ કરી હતી. દાહોદના સિંગવડ તાલુકાની એક પ્રાથમિક શાળાના આચાર્ય ગોવિંદ નટ દ્વારા શાળાની 6 વર્ષની બાળકી સાથે દુષ્કર્મ બાદ કરવામાં આવેલી હત્યાની ઘટનાના પડઘા સુરત જિલ્લામાં પડ્યા હતા. ઉમરપાડા તાલુકામાં ઉમરપાડા નવનિર્માણ યુવક સંગઠનના સ્નેહલ વસાવા સહિતના આગેવાનોએ રાજ્યપાલને સંબોધી તાલુકા મામલતદાર કચેરી ખાતે એક આવેદનપત્ર આપ્યું હતું અને આરોપી ગોવિંદ નટને ફાંસીની સજા થાય તેવી માંગ કરી હતી.

### ઓલપાડમાં રાજસ્થાની શ્રમિકનું મોત

સાયણ: મૂળ રાજસ્થાનના બાંસવાડાનો વતની સુરેશ તાજહેંગ ગરાસીયા (ઉં.વ.૩૩) હાલ ઓલપાડના માસમા-ઓરમા રોડ ઉપર આવેલી જાફરાબાદ ત્રિનેત્ર સોસાયટીમાં રહી મજૂરીકામ કરતો હતો. ગત તા.૨૯ના રોજ સુરેશ રાત્રે દારૂના નશાની હાલતમાં હતો. એ રાત્રે ૮:૧૫ કલાકે આ સોસાયટીમાં બંધાતા નવા બાંધકામની સાઈડનું કામ કરતાં પીન્ટુ પ્રજાપતિને મકાનમાં મળવા ગયો હતો. તે પીન્ટુને મળી મકાનના ઉપરના માળેથી સીડી દ્વારા નીચે ઊતરતો હતો. એ વખતે શરીરનું બેલેન્સ ગુમાવી દેતાં પગ લપસી જવાથી આગળ ચાલતા પીન્ટુ ઉપર પડ્યો હતો. જેથી પીન્ટુને માથાના ભાગે ઇજા થઈ હતી. જ્યારે સુરેશને ડાબી આંખ તથા શરીરે ઇજા થવાથી મોત થયું હતું.

### ધામણોદમાં વાહન અડફેટે યુવાનનું મોત

હથોડા: મૂળ ઉત્તર પ્રદેશના હમીરપુરનો વતની અને હાલ નોકરીની શોધમાં એક મહિનાથી આવી પીપોદરા જીઆઇડીસી ખાતે રહેતા મિત્ર રાજાભૈયા દરબારી લાલના રૂમમાં રહી બે દિવસ પહેલાં જ કોસંબા નજીકના ધામણોદની ગોલ્ડન સન સોલાર કંપનીમાં કામે લાગેલા સોહન સદાનંદ શુક્લા (ઉં.વ.27)ને ધામણોદ નજીક હાઇવે પર અજાણ્યા વાહને અડફેટે લેતાં ગંભીર રીતે ઘવાયેલા યુવાનનું મોત થયું હતું. આ બનાવ અંગે કોસંબા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### સ્યાદલામાં સેલ ટેક્સ અધિકારીના નામે ઠગાઇ કરનારને કીમ પોલીસ ટ્રાન્સફર વોરંટથી લઇ આવી

કીમ: સાયણ રોડ પર સ્યાદલા ગામ નજીક એક પેટ્રોલ પંપ પર સેલ ટેક્સ અધિકારી છું એમ કહી છૂટક છૂટક ૩૯૨૬ લીટર ડીઝલ લઈ ૩,૫૪,૦૧૯ રૂપિયાની ઠગાઈ કરનારને કીમ પોલીસ ટ્રાન્સફર વોરંટથી લઇ આવી હતી. સ્યાદલા ગામના રહેવાસી અને કીમ-સાયણ રોડ પર નાયરા પેટ્રોલ પંપના સંચાલક મેહુલ ભરત પટેલ રોજ મુજબ પોતાના પંપ પર હાજર હતા, ત્યારે એક મારુતિ અર્ટિગામાં એક વ્યક્તિ કમરે રિવોલ્વર લટકાવી આવી જણાવ્યું હતું કે હું પોતે સુરતના હજીરા ખાતે સેલ ટેક્સ અધિકારી તરીકે નોકરી કરું છું અને ટ્રાવેલ્સનો ધંધો હાલ ચાલુ કર્યો છે. તો આપ મને ૧૫ દિવસની ઉધારી પર ડીઝલ આપશો એવું જણાવી ૧૫ દિવસ સુધી છૂટક છૂટક જૂન-૨૦૨૪થી જુલાઈ-૨૦૨૪ સુધી ૩૯૨૬ લીટર લઈ પૈસા નહીં આપતાં મેહુલભાઈ દ્વારા કીમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરાઈ હતી. કીમ પોલીસ દ્વારા આ બાબતે તપાસ કરતાં આરોપી હિમાંશુ રમેશભાઈ રાયે આવી રીતે સુરતમાં પણ ઘણી જગ્યાએ ડમી અધિકારી બની કેટલાઓ લોકોને ઠગી ચૂક્યાનું બહાર આવ્યું હતું. આરોપીને સુરત ડી.સી.બી. પોલીસ દ્વારા આવી ઠગાઈના ગુનામાં ધરપકડ કરવામાં આવી હતી. કીમ પોલીસે વધુ તપાસ માટે આરોપીને કીમ ટ્રાન્સફર વોરંટ દ્વારા લાવી વધુ તપાસ હાથ ધરી છે.

### રાજપીપળામાં પરિણીતાનો સ્નાન કરતો વિડીયો ઉતારનારા શખ્સ વિરુદ્ધ ફરિયાદ

રાજપીપળા: રાજપીપળાના દક્ષિણી ફળિયામાં રહેતી એક પરિણિત મહિલા પોતાના મકાનની પાછળ આવેલા બાથરૂમમાં સ્નાન કરતી હતી. એ દરમિયાન મુર્તુજા શેખ નામના ઈસમે સવારના આશરે સાડા છ વાગ્યાની આસપાસ મહિલાના લાલ ટાવર, દક્ષિણી ફળિયામાં આવેલા મકાનની પાછળ વાડાના ભાગે આવેલા બાથરૂમમાં મહિલાને નાહતા જોઇ તેનો વિડીઓ ઉતારી કે ફોટા પાડી ગુનો કરતાં રાજપીપળા પોલીસે મહિલાની ફરિયાદના આધારે વિધર્મી શખ્સ વિરુદ્ધ એટ્રોસિટી સહિતની કલમો સાથે ગુનો દાખલ કર્યો છે. આ વિધર્મી વ્યક્તિ હોમગાર્ડમાં મામલતદાર કચેરીમાં ફરજ બજવતો હતો. પરંતુ આવી કરતૂત બાદ મામલતદારની ફરિયાદ હોમગાર્ડ કમાન્ડન્ટે તેને તાત્કાલિક ધોરણે ફરજ મોકૂફ કર્યો છે.



# નિઝરમાં બે સંગઠન વચ્ચે ઝપાઝપી થતાં પોલીસમથકે ટોળું ઊમટ્યું, માહોલ તંગ

**હરદુલીનો** યુવક નવા સંગઠનમાં જોડાતાં તેને બેરહેમીથી ઢીકમુક્કીનો માર મારવામાં આવ્યો

વ્યારા: નિઝરમાં બે સંગઠન વચ્ચે ઝપાઝપી થતાં મામલો પોલીસમથકે પહોંચ્યો છે. આ બબાલને લઈ જય બિરસા બ્રિગેડ સંગઠનમાં માહોલ તંગ બન્યો હતો.

લોકોનાં ટોળાં નિઝર પોલીસ સ્ટેશન સામે મોડી રાત સુધી બેસેલા જોવા મળ્યાં હતાં. હરદુલીનો યુવક અન્ય સંગઠન છોડી નવા સંગઠનમાં જોડાતાં તેને જાનથી મારી નાંખવાની ધમકીઓ ઉપરાંત બેરહેમીથી ઢીકમુક્કીનો માર મારવામાં આવ્યો હતો. જેને લઈ જય બિરસા બ્રિગેડ સંગઠનના હોદ્દેદારો સહિત હરદુલી ગામના લોકો પોલીસમથકે પહોંચ્યા હતા. જ્યાં સુધી કસૂરવાર અને તેમના સાથીદારો સામે કાર્યવાહી ન થાય ત્યાં સુધી પોલીસ સ્ટેશન સામે બેસી રહેવાની ચીમકી આપતાં આ મામલે પોલીસે વધુમાં કાર્યવાહી હાથ ધરી હતી. હરદુલીમાં તા.૧૭/૯/૨૦૨૪નાં રોજ ગણપતિ સ્થાપનાને લઈ માથાકૂટ થઈ હતી. તા.૧૮/૯/૨૦૨૪ના રોજ સાંજે ૬ વાગે નિઝરના જિલ્લા અધ્યક્ષ નંદલાલ કે.વસાવાએ બિરસા બ્રિગેડ શાખા ખોલવા માટેની ગામમાં મીટિંગ યોજી હતી. જુદાં-જુદાં ગામોમાં મીટિંગ યોજતાં નવા ઊભા થતાં સંગઠનને લઈ પંકજ ઠાકરેનો કેટલાંક વિઘ્નસંતોષીઓ નારાજ હતા.

નિઝરના હરદુલી ગામના ફાટા પાસે તા.૩૦/૯/૨૦૨૪ના રોજ રાત્રે ૮:૪૫ વાગ્યાના અરસામાં પંકજભાઇ મંગુભાઇ ઠાકરે (ઉં.વ.૨૯)(રહે., હરદુલીગામ, દવાજા ફળિયું, તા.નિઝર, જિ.તાપી) સહિતની એક મહિલાને રાજુ જસમ્યા વળવી, વિક્કી જહર્યા પાડવી (બંને રહે., હરદુલીગામ, તા.નિઝર), જયેશ ઉર્ફે પપ્પુ સંતોષ પાટીલ (રહે., અંતુર્લીગામ, તા.નિઝર), ગણેશ ઉર્ફે વિક્કી દિલીપ પાટીલ (રહે.,અંતુર્લીગામ), જય વળવી, મોહન માળી (બંને રહે., નંદુરબાર, મહારાષ્ટ્ર), કૈલાસ પાડવી (રહે., વાગદા, તા.જિ. નંદુરબાર), નીતિન વળવી (રહે., કોલદા, તા.જિ.નંદુરબાર) તથા અન્ય ચારથી પાંચ અજાણ્યા ઈસમે ગેરકાયદે મંડળી રચી ઢીકમુક્કીનો મારી ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપતાં તમામ વિરુદ્ધ પોલીસે ગુનો નોંધ્યો છે.

# ઉચ્છલ-નિઝરના વિદ્યાર્થીઓની આકરી શિક્ષણ તપસ્યા

## ભણવા કરતાં વધુ સમય બસની રાહ જોવામાં જાય છે

**અમુક** બસો આગળથી ભરીને આવતી હોવાથી હાલાકી, લેક્ચર છૂટી જાય, શિક્ષણ બગડે છે

**માંગણી** નહીં સંતોષાય તો 150થી વધુ વિદ્યાર્થીઓની આંદોલનની ચીમકી

### ભીલજાબોલીના વિદ્યાર્થીઓ 4 કિ.મી. પગપાળા જવા મજબૂર

ગત દિવસોમાં વિદ્યાર્થીઓએ ઉચ્છલ-નિઝર બસ ભીલજાબોલી ગામે વાયા કરવા રજૂઆત કરી હતી, છતાં આજદિન સુધી બસ વાયા કરવામાં આવી નથી. જેથી ભીલજાબોલીના વિદ્યાર્થીઓ ૪ કિ.મી. પગપાળા જવા મજબૂર બન્યા છે.

વ્યારા: ઉચ્છલ-નિઝરના ૧૫૦થી વધુ વિદ્યાર્થીઓની એસટી બસની સમસ્યા ઉકેલવા અને વિદ્યાર્થીઓ માટે નવા રૂટની બસ ચાલુ કરવા મામલતદારને આવેદન આપવામાં આવ્યું હતું. સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ માટે જતા વિદ્યાર્થીઓને સમયસર બસ ન મળવાને કારણે તેમજ આગળથી જ મુસાફરોથી ભરાયેલી આવતી બસોમાં જગ્યા નહીં મળવાથી શાળાએ સમયસર પહોંચી શકતા નથી. જેથી અમુક લેક્ચર છૂટી જાય છે. સાત દિવસમાં બસ ચાલુ નહીં કરવામાં આવે તો વિદ્યાર્થીઓએ રસ્તા રોકો આંદોલનની ચીમકી પણ આપી છે.

આવેદનમાં વધુમાં જણાવ્યું છે કે, નિઝરથી સવારે ૮ વાગ્યાની સરવાળા-સુરત અને ૯ વાગ્યાની કુકરમુંડા-સુરત બસ શરૂઆતથી જ મુસાફરો, વિદ્યાર્થીઓથી ભરેલી હોય છે. જેથી બસમાં ઊભા રહેવાની પણ જગ્યા મળતી નથી. વિદ્યાર્થીઓને રોજ બસના દરવાજે ઊભા રહીને મુસાફરી કરવી પડે છે.

સવારે ૧૦ વાગ્યાની બસ મળતી હોય શાળાએ પહોંચતા ખૂબ જ મોડું થાય છે. વિદ્યાર્થીઓને એક્સપ્રેસ બસ પાસ આપવામાં આવ્યા છતાં અમુક એક્સપ્રેસ બસમાં આ પાસ ચલાવતા નથી. સાંજે નિઝર તરફ જતાં વિદ્યાર્થીઓને ઉચ્છલ તરફથી આવતી એક્સપ્રેસ બસ મળે છે, પરંતુ આ બસમાં વિદ્યાર્થીઓને બેસાડાતા નથી. સવારે જતી નંદુરબાર-સુરત રૂટની બસ અને સાંજે આવતી ઉચ્છલ તરફથી સુરત-બાલદા, સુરત-નિઝર બસમાં એક્સપ્રેસ પાસ ચલાવતા નથી. રાયગઢ, રૂમકીતળાવ, ગવાણ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલના વિદ્યાર્થીઓ સાંજે વાગે છૂટી જતાં હોય છે પણ રાયગઢથી ઉચ્છલ તરફ જતા વિદ્યાર્થીઓને સાંજે ૬:૩૦ વાગે નિઝર-સોનગઢ બસ મળતી હોય છે. જે બસ નિઝરથી સાંજે ૫:૩૦ વાગે સ્કૂલના વિદ્યાર્થીઓને લઈ આવતી હોય છે. જેથી વિદ્યાર્થીઓને બે કલાક સુધી રાહ જોવી પડે છે.

વિદ્યાર્થીઓ ઘરે અભ્યાસ કરી શકતા નથી. જ્યારે બસ જ લેટ મળતા બે કલાકનો સમય બસ સ્ટેશન પર જ જતો રહે છે. આમ, વિદ્યાર્થીઓને સ્કૂલે પહોંચવા અને ઘરે પરત જવા ખૂબ જ મુશ્કેલી પડી રહી છે.

જેથી વિદ્યાર્થીઓના શિક્ષણ પર માઠી અસર થઇ રહી છે. અપડાઉન કરતા વિદ્યાર્થીઓની સંખ્યા ૧૫૦થી વધુ છે. હાલ બસમાં મુસાફરી કરતા વિદ્યાર્થીઓની સંખ્યામાં ખૂબ જ વધારો થયો છે. જેથી વિદ્યાર્થીઓનો અભ્યાસ ન બગડે માટે એક્સપ્રેસ પાસ એક્સપ્રેસ બસમાં ચલાવવા સાથે બિડાણ આપેલા રૂટ અને સમય પ્રમાણે એસટી બસ ચાલુ કરવા માંગ કરી છે.

# શિયાલજ નજીક વાહન અડફેટે વેસ્માના મોપેડચાલકનું મોત



ઈબ્રાહિમ કાનુ

હથોડા: શિયાલજ નજીક હાઈવે પર અજાણ્યા વાહને નવસારીના વેસ્માના રહીશની મોપેડને અડફેટે લેતાં ચાલકનું ઘટના સ્થળે જ મોત થયું હતું.

નવસારીના વેસ્મા ખાતે રહેતા મોહમ્મદ આસીફ સિકંદર માયત (ઉં.વ.42) પોતાની જીજે 21 બીએન 6279 નંબરની મોપેડ લઈ કોસંબા નજીક હાઈવે પરથી પસાર થતા હતા. ત્યારે પૂરપાટ ઝડપે ધસી આવેલા કોઈ અજાણ્યા વાહને મોપેડને ટક્કર મારતાં મોપેડચાલકનું ઘટના સ્થળે જ મોત થયું હતું.

મરનારની લાશને પોલીસે પોસ્ટમોર્ટમ માટે પીએમ રૂમ ખાતે ખસેડતાં કોસંબાના મુસ્લિમો મોટી માત્રામાં પીએમ રૂમ પર ધસી ગયા હતા.

આ બનાવ અંગે કોસંબા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. અકસ્માત સર્જીને વાહનચાલક ફરાર થઈ ગયો હતો.

# મઢી-સુરાલી રેલવે ફાટકની કામગીરીથી ગ્રામજનો ત્રસ્ત: 30 ગામનો સંપર્ક કપાયો

**સમસ્યાને** લઈ વેપારીઓ-લોકોએ બારડોલી પ્રાંતને આવેદનપત્ર આપ્યું, બંધ કરેલા ડાયવર્ઝનને ફરી શરૂ કરવા માંગ



બારડોલી: બારડોલી તાલુકાના મઢી સુરાલી રેલવે ફાટક પર ચાલતા ઓવરબ્રિજના કામને કારણે વાહન ચાલકો ઉપરાંત સ્થાનિક વેપારીઓ અને નાગરિકોને ભારે હાલાકી વેઠવી પડી રહી છે. આ અંગે મઢી સુરાલીના વેપારીઓ અને નાગરિકોએ બારડોલી પ્રાંતને આવેદનપત્ર આપી ટુ વ્હીલર વાહનો માટે ફાટક પર બંધ કરવામાં આવેલું ડાયવર્ઝન ફરી શરૂ કરવાની માંગ કરી છે.

આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર મઢી સુરાલી બારડોલી તાલુકાનું મુખ્ય વેપારી મથક છે. હાલ સુરાલી રેલવે ફાટક પર રેલવે ઓવરબ્રિજની કામગીરી ચાલી રહી હોય વહીવટી તંત્ર દ્વારા જાહેરનામું બહાર પાડી વાહન વ્યવહાર માટે રસ્તો બંધ કરવામાં આવ્યો છે. આ રસ્તો બંધ થતાં આશરે ત્રીસ જેટલા ગામોનો મઢી સાથેનો સંપર્ક મર્યાદિત થઈ ગયો છે. મઢી અને સુરાલી ગામના ફાટકને પાર રહેતા લોકોને પણ બજાર આવવા જવા ઉપરાંત વિદ્યાર્થીઓને શાળાએ આવવા જવા મોટો ચકરાવો લગાવવો પડે છે. ખાસ કરીને જીવન જરૂરિયાતની વસ્તુ કે દવાખાના માટે કે પંચાયત કચેરીના કામકાજ માટે આવવું હોય તો લાંબો ચકરાવો લઈ મઢી આવવાની ફરજ પડે છે. સુરાલી ફાટક બંધ હોવાથી શાળાના સમયે વિદ્યાર્થીઓ બે રોકટોક જોખમી રીતે પાટા ઓળંગી અવરજવર કરે છે. ઓવરબ્રિજની કામગીરીને લઈને રેલવે તંત્ર દ્વારા ગેટમેનની ઓફિસ બંધ કરી દેવામાં આવી છે. આ પહેલા ગેટમેનની હાજરીમાં ટુ-વ્હીલર વાહનો જઈ શકે એટલું ડાયવર્ઝન રાખવામાં આવ્યું હતું. પરંતુ કોઈક કારણોસર તે પણ બંધ કરી દેવામાં આવતાં લોકોની મુશ્કેલીમાં ઓર વધારો થયો છે. આથી આ ટુ-વ્હીલર માટેનું ડાયવર્ઝન ફરી શરૂ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. જેથી આવનારા તહેવારોમાં વ્યાપારીઓ અને આમ જનતાને પડતી મુશ્કેલી દૂર થઈ શકે.


### ગરુડેશ્વરમાં પરપ્રાંતીય મજૂર રાખનાર કોન્ટ્રાક્ટર સામે કાર્યવાહી

રાજપીપળા: નર્મદા SOGના હેડ કોન્સ્ટેબલ ચંદન સંપતભાઈએ આપેલી ફરિયાદ મુજબ કોન્ટ્રાક્ટર ભાવિક રમેશ પટેલ (રહે.,ભચરવાડા) એ અક્તેશ્વર ગામની સીમમાં રેલવે ફાટકની બાજુમાં નવીન મકાનોના બાંધકામ માટે (રિસોર્ટ બનાવવા) જિલ્લા બહાર તથા રાજ્ય બહારના મજૂરોને કામે રાખી, પોલીસને જાણ નહીં કરી ગુનો કરતાં નર્મદા સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે કોન્ટ્રાક્ટર વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે.

### સોનારપાડા ધોરી માર્ગના ખાડાએ વધુ એકનો ભોગ લીધો



વ્યારા: સોનગઢના સોનારપાડા ગામની સીમમાંથી પસાર થતાં સુરત-ધુલીયા ને.હા.નં.૫૩ ઉપર પડેલા મસમોટા ખાડાઓએ વધુ એક વાહન ચાલકનો ભોગ લીધો છે. એચ.પી. પેટ્રોલ પંપ સામે તા.૨૯/૦૯/૨૦૨૪ના રોજ રાત્રિએ અરસામાં સોનગઢથી વ્યારા જતા ટ્રેક પર યુસુફભાઈ રમેશભાઈ ગામીત (ઉં.વ.૨૬) (રહે., સીલેટવેલ ગામ, નિશાળ ફળીયા, તા.સોનગઢ, જી.તાપી) રિક્ષા નં. GJ 19 U 6400 પૂર ઝડપે હંકારતા હોય ખાડાને કારણે રિક્ષાના સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવતા રિક્ષા પલટી ખાઇ ગઈ હતી. જેમાં યુસુફ ગામીતને છાતીના ભાગે તેમજ શરીરે ઈજાઓ પહોંચતા હોસ્પિટલ ખસેડાયો હતો, જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું.









# 'ગુજરાતમિત્ર'ની એક ક્લિક અને ગાંધીજીની છબીની સફાઈ કરાઈ

બારડોલી: બારડોલીની સરદાર સ્મારક હોસ્પિટલની સામે આવેલા ઐતિહાસિક આંબા નીચે મહાત્મા ગાંધીજીની પ્રતિમા મૂકવામાં આવી છે. અહીં સાફસફાઈના અભાવે ગાંધીજીની છબી પર વેલા ચઢી ગયા હતા. જેને કારણે છબી સ્પષ્ટ દેખાઈ શકતી ન હતી. બુધવારે ગાંધીજીની જન્મ જયંતીની ઉજવણી થવાની છે ત્યારે આ અંગે ગુજરાતમિત્રએ મંગળવારે ગાંધીજીને વેલારૂપી અંજલિના શિર્ષક સાથે ફોટો સ્ટોરી પ્રસિદ્ધ કરી હતી. આ ફોટો સ્ટોરી પ્રસિદ્ધ થતાંની સાથે જ સાફસફાઈ કરવામાં આવી હતી.

# ભરૂચના દંપતીને અંભેટા પાસે અકસ્માત નડ્યો, પત્નીનું મોત

**હાંસોટ** મન દંતરાઈ ગામ ખાતે રહેતા તેમના સંબંધીને ત્યાં જઈ રહ્યા હતા



પ્રવીણ તેરૈયા

અંકલેશ્વર: હાંસોટના અંભેટા ગામ નજીક ઝાડ સાથે કાર ભટકાતાં કારમાં સવાર દંપતી પૈકી પત્નીનું ગંભીર ઈજાગ્રસ્ત થતાં મોત નિપજ્યું હતું ભરૂચ ખાતે રહેતા જેરામભાઈ પટેલ અને તેમના પત્ની ઈલાબહેન આજે સવારના સમયે તેમની કાર લઈ ભરૂચથી હાંસોટ મન દંતરાઈ ગામ ખાતે રહેતા તેમના સંબંધીને ત્યાં જઈ રહ્યા હતા. તે દરમિયાન અંભેટા ગામ નજીક જેરામભાઈએ સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવતા કાર ઝાડ સાથે ધડાકાભેર ભટકાતા ગોઝારો અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં કારમાં સવાર ઈલાબેનનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. બીજી તરફ જેરામભાઈને ઈજા પહોંચતા સારવાર અર્થે ભરૂચની ખાનગી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. બનાવની જાણ દોડી આવેલી હાંસોટ પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.


## PUBLIC NOTICE

This is to inform the general public and concerned authorities that, as per the Memorandum of Family Settlement (MoFS) executed on 18th July 2024, all properties and assets of *Sahiba group* and *Saluja Family* Surat, Mumbai & Dubai properties are to be equally divided between two family groups in a 50-50 ratio. The two family groups are as follows:

1.**Group One**: Represented by Jaspreet Saluja, Amandip Saluja, Sarabjeet Saluja, Yashpreet Saluja and family.

2. **Group Two**: Represented by Mahendra Singh Saluja, Iqbal Singh Saluja, Jaspal Saluja, Krishna Saluja and family.

It has been expressly agreed that no individual member or any representative from either family group shall have the right to sell, mortgage, or otherwise encumber any of the properties or assets solely and independently, unless and until the ongoing dispute regarding the division of assets is fully and finally resolved.

Any attempt to do so, or any such actions that come to notice, shall be deemed a direct violation of the terms of the MoFS and will attract strict legal consequences, including but not limited to, civil and criminal proceedings.

This notice serves as a formal caution to all individuals, financial institutions, and other third parties to refrain from engaging in or facilitating any transactions involving the properties or assets of *Sahiba Group* and *Saluja Family* unless duly authorized by both family groups as per the agreement.

For any clarifications, please refer to the undersigned.

**Mahendrasingh Saluja and family. +919824106328**

**Iqbalsingh Saluja and family.**

Through me : NAVIN J. MODI - ADVOCATE & NOTARY
AT&PO : BALESHWAR, TA: PALSANA, DIST : SURAT MO.NO. 98255 60544 - 9909323343



Milano MULTIPLEX

બારડોલી

Devara: Part 1

10:00 am, 11:00am, 01:30pm, 03:00pm, 05:30pm, 06:30pm, 09:00pm, 10:00pm

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્ક: 98791 33333